સમુહ માધ્યમોએ જીવાતાં જીવનનું પ્રતિબિંબ હંમેશા ઝીલ્યું છે : વી. એસ. ગઢવી

પત્રકારોને ઉર્મિશીલ બનવા કૌશિકભાઈ મહેતાની સલાહ : કલમનો ઉપયોગ ઋજુતા સાથે કરવા લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીની હિમાયત

રાજકોટ, તા. ૧૮

પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટ અને શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર-સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટના સંયુક્ત ઉપક્રમે 'લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને સમૂહ માધ્યમો' વિષય પરનો એક પ્રેસ સેમિનાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. એમ.કે. પાડલીયાની અધ્યક્ષતામાં અને રાજ્યના પૂર્વ માહિતી કમિશ્નરશ્રી તથા હાલમાં જ નવનિયુક્ત માહિતી કમિશ્નરશ્રી (આર.ટી.આઈ.) તેમજ લોકસાહિત્ય, લોકસંસ્કૃતિ અને સમૂહ માધ્યમોના જાણતલ એવા શ્રી વી.એસ. ગઢવીના ચાવીરૂપ પ્રવચન સાથે સંપન્ન થયો હતો. આ સેમિનારમાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદી, ફુલછાબ દૈનિકના તંત્રીશ્રી કૌશિકભાઈ મહેતા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીના ડીન શ્રી જે.કે. ડોડિયા અને લોકસાહિત્યકારશ્રી ભીખુદાન ગઢવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આજના પત્રકારત્વ સામે અનેક વિકલ્પો છે. સાથે સાધનસજ્જતા પણ છે, ત્યારે પ્રાપ્ય સાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને પત્રકારત્વ દ્વારા સમાજ સેવાના ઉમદા ધ્યેયને પ્રાપ્ત કરી શકાય છે, તેમ જણાવી શ્રી વી.એસ. ગઢવીએ કહ્યું હતું કે લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની જે કંઈ સત્વશીલ વાતો છે તેને પણ સમુમાધ્યમોએ ઉજાગર કરવી જોઈએ.

આજના સમયમાં સર્વવ્યાપી સોસ્યલ મિડિયાના ચમત્કારોના અનેક દૃષ્ટાંતો વર્ણવીને શ્રી ગઢવીએ લોકસંસ્કૃતિ પોતે જ લોકપ્રગતિ સાથે જોડાયેલી છે. ત્યારે સમૂહ માધ્યમો માટે લોકસાહિત્ય કે લોકસંસ્કૃતિ એ કોઈ નવા વિષયો નથી. હકીકતમાં ઉત્તમ સાહિત્યકાર અને લોકકલા-સંસ્કૃતિના સંસોધક હોવા ઉપરાંત શ્રી મેઘાણીજી પોતે પત્રકાર પણ હતા, અને તેમની ધરોહર અહીં સૌરાષ્ટ્રમાં જ છે ત્યારે, મેઘાણીજીના એ પ્રદાનને પત્રકારત્વના અભ્યાસક્રમમાં પણ કોઈક રીતે આવરી લેવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

અખબાર શરૂ કરતા સૌરાષ્ટ્રની ભૂમિના પ્રતાપી અને નડીર તંત્રીશ્રી અમૃતલાલ શેઠે પોતાનું અખબાર નિષ્પક્ષ રહેવાની સાથે અનર્થકારી અને બીનઉપયોગી અહેવાલોથી દૂર રહેશે. એવા આપેલા કોલને આ સેમિનારમાં યાદ કરીને, મેઘાણીજી સહિતના સૌરાષ્ટ્રના તેજસ્વી પત્રકારોને શ્રી ગઢવીએ સગર્વ સ્મર્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી બાલતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મહેન્દ્ર પાડલિયાએ કહ્યું કે લોક સંસ્કૃતિ અને લોક સાહિત્યના જતન અને તેના પ્રસારનું ભગીરથકાર્ય સમુહ માધ્યમોએ કરવાનું છે. આજે સમાજમાં સોશિયલ મિડિયાનો પ્રભાવ વધ્યો છે, ત્યારે પત્રકારત્વ સમાજશિક્ષણનું ઉત્તમ કાર્ય કરી શકે છે. આપણા સાહિત્યએ કોઈપણ પ્રકારના ભેદભાવ વિના સમાજમાં માનવતા, એકતા અને સમાનતા લાવવાનું કાર્ય કર્યું છે.

'ફુલછાબ'ના તંત્રીશ્રી કૌશિકભાઈ મહેતાએ પોતાના સંબોધનમાં સાંપ્રત પરિપ્રેક્ષ્યમાં આવા સેમિનારના આયોજનને ખુબ જ મહત્વપૂર્ણ ગણાવી, મેઘાણી પરંપરાના સૈનિક તરીકે સમાજના હિતોની ખેવના સેવતા પ્રકાશનોનો ઉલ્લેખ કરીને, આજના પત્રકારોને ઉર્મિશીલ થવા અનુરોધ કર્યો હતો. તેમણે લુપ્તતાને આરે ઉભેલા લોકસાહિત્યને વધુને વધુ લોકાભિમુખ બનાવવા તમામ માધ્યમોનો મહત્તમ ઉપયોગ કરવા અને સાહિત્યનું પોતે જાળવણીને પત્રકારત્વના આદર્શોને ચરિતાર્થ કરવાનો અનુરોધ કર્યો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ લોકસાહિત્ય અને માધ્યમો વચ્ચેના સંબંધોમાં સંશોધનની આવશ્યકતા હોવાનું જણાવી કહ્યું કે, જ્યારે સમુહ માધ્યમોનું અસ્તિત્વ ન હતું ત્યારે પણ લોકસંસ્કૃતિ અને લોકસાહિત્ય તો હતું જ, તેથી જ્યારે લોકોની વાત આવે ત્યારે સાહિત્ય અને સંસ્કૃતિ તેની સાથે આપોઆપ જોડાઈ જાય છે. જાણીતા લોકસાહિત્યકાર શ્રી ભીખુદાનભાઈ ગઢવીએ સમુહમાધ્યમોને અતિશયોક્તિના પ્રયોગથી દૂર રહેવાનો અનુરોધ કરી કહ્યું કે, સમુહમાધ્યમોએ કલમનો ઉપયોગ ઋજુતા અને લાગણી સાથે કરવો જોઈએ. લોકસાહિત્ય તો એવું કાર્ય છે જેમાં બીજા પાસેથી ઉછીનું લઈ દાન આપવાનું હોય છે. એથી જ્યાં જ્યાં એને અનુકૂળ એવી ભીનાશ હોય ત્યાં એ ઉગવાનું જ છે. તેમણે દુહા અને છંદ દ્વારા મેઘાણીના પત્રકારત્વના રસપ્રદ દાખલા-દૃષ્ટાંતો આપ્યા હતા.

નાણાંમંત્રીના અધ્યક્ષ સ્થાને રાજ્યના ત્રીજા નાણા પંચની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧૮

આજરોજ ગુજરાતના નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યના ત્રીજા નાણા પંચે બેઠક યોજી હતી. નાણા પંચે રાજ્યની નાણાંકીય કામગીરી અંગે વિચાર વિમર્શ કર્યો હતો અને રાજ્યની કુલ આવકમાંથી સ્થાનિક સ્વરાજ્યની શહેરી તથા ગ્રામીણ સંસ્થાઓને વધુમાં વધુ નાણાંકીય ફાળવણી કેવી રીતે કરી શકાય તેની ચર્ચા કરી હતી. જે દ્વારા પંચાયતી રાજ સંસ્થાઓ તથા નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને નાણાંકીય રીતે વધુ સુદૃઢ બનાવી શકાય કે જેથી આ સંસ્થાઓ સ્થાનિક નાગરિકોને શ્રેષ્ઠ સુવિધાઓ વાજબી દરે આપી શકે. નાણાંમંત્રીશ્રીએ રાજ્યની નાણાં વ્યવસ્થા સારી રીતે ચાલી રહી છે તેનો વિગતવાર ખ્યાલ આપ્યો હતો અને બંધારણના ૭૩મા અને ૭૪માં સુધારા પ્રમાણે રાજ્યની તમામ શહેરી તથા ગ્રામીણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને રાજ્યના બજેટની કુલ આવકમાંથી વધુમાં વધુ ફાળવણી કેવી રીતે કરી શકાય તે અંગે નાણા પંચને માર્ગદર્શન પણ આપ્યું હતું. નાણાં પંચની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી છે અને ટૂંક સમયમાં તેનો અહેવાલ સરકારશ્રીને સુપ્રત કરવાનો છે ત્યારે નાણાંમંત્રીશ્રી સાથેની આ બેઠક ખુબ જ ફળદાયી રહી હતી. આ બેઠકમાં નાણા પંચના અધ્યક્ષ ડૉ. ભરત ગરીવાલા, સભ્ય શ્રી યમલ વ્યાસ, નાણા વિભાગના અગ્ર સચિવશ્રીઓ હસમુખ અઢીયા અને કુ. એસ. અપર્ણા, નાણા પંચના સભ્ય સચિવ શ્રી ડી.એન. પાંડે તેમજ નાણા વિભાગ તથા રાજ્ય નાણા પંચના ઉચ્ચ અધિકારીઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

ભૂગર્ભ જળના બદલે સરફેસ વૉટરનો ઉપયોગ કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૮

પાણી પુરવઠા વિભાગના રાજ્ય મંત્રી શ્રી નાનુભાઈ વાનાણીએ આજે જલસેવા ભવન, ગાંધીનગર ખાતે પાણી પુરવઠા બોર્ડના ઉચ્ચકક્ષાના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં આગામી દિવસોમાં કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તરગુજરાત તથા ડાણના વિસ્તારોમાં વસતા ગ્રામજનોને સમયસર અને ગુણવત્તાયુકત પીવાનું પાણી મળી રહે તેવું અસરકારક આયોજન કરવા અધિકારીઓને સૂચન કર્યું હતું.

ગુજરાતના લોકો ભૂગર્ભ જળના બદલે સરફેસ વોટરનો ઉપયોગ વધુને વધુ -માણમાં કરે તે જોવાનો અનુરોધ કરતાં મંત્રી શ્રી વાનાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પાણી વિતરણ વ્યવસ્થા ક્ષેત્રે જે નવા સંશોધનો થઈ રહ્યા છે તે સંશોધનોનો ઉપયોગ ગુજરાતમાં થાય તે જરૂરી છે.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, નર્મદા નદીનું પાણી કચ્છ જિલ્લાના છેવાડાના ગ્રામ સુધી પહોંચાડીને પાણી પુરવઠા બોર્ડે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. મંત્રીશ્રીએ બોર્ડની કામગીરીથી સંતોષ વ્યકત કરી વધુને વધુ કાર્યક્ષમતા સાથે કાર્યરત રહેવા અનુરોધ કર્યો હતો.

પાણી પુરવઠા બોર્ડના સભ્ય સચિવ શ્રી મહેશસિંઘે મંત્રીશ્રીનું સ્વાગત કરતાં જણાવ્યું કે, ગામડામાં રહેતા જે માનવી પાસે પૂરતા સાધનસામગ્રી નથી ત્યાં પણ પીવાનું પાણી પહોંચાડવાનું માનવીય કાર્ય પાણી પુરવઠા બોર્ડ દ્વારા કરવામાં આવ્યું છે.

બેઠકમાં પાણી પુરવઠા બોર્ડની વિવિધ શાખાઓની કામગીરીનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

એસ્વેના નવાવર્ષના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૮

એસો.ઓફ. સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટસની કારોબારીની વરણી કરવામાં આવી.

એસોસીએશન ઓફ સિનિયર એન્જિનીયર્સ એન્ડ આર્કિટેકટસના મંત્રી હસમુખભાઈ શાહ અખબારી યાદી દ્વારા જણાવે છે કે સંસ્થાની સભામાં વર્ષ ૨૦૧૩થી ૧૫ માટે નીચેના સભ્યોની કારોબારી મંડળમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. પ્રમુખ એન.પી. ગજ્જર, ઉપપ્રમુખ એ.એન.ભટ્ટી, મંત્રી એચ.બી.શાહ, સહમંત્રી શરદભાઈ વ્યાસ, કોષાધ્યક્ષ એચ.એમ. પંચાલ કારોબારી સભ્યો એમ.આર. શાહ, એમ.આઈ. મહેતા, એચ.કે. ભટ્ટની વરણી કરવામાં આવી છે.

મધ્યાહ્ન ભોજન યોજનાના ખોરાકની તપાસ કરવા વાલીઓની માગ

પાલનપુર, તા. ૧૮

બનાસકાંઠાની શાળાઓમાં ચાલતા મધ્યાહ્ન ભોજન ગરીબ મધ્યમ વર્ગના બાળકો માટે આશીર્વાદરૂપ બન્યા છે. પણ મધ્યાહ્ન ભોજનના કેટલાક સંચાલકોની લાપરવાહીના કારણે બાળકોનું મધ્યાહ્ન ભોજન મોતનું ભોજન બની જાય તો નવાઈ નહી. બાળકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યા હોવાનું લોકોનું કહેવું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પંચાયત સંચાલીત પ્રાથમિક શાળામાં મધ્યાહ્ન ભોજન સંચાલકો દ્વારા ચલાવાઈ રહ્યા છે. જેમાં કેટલાક સંચાલકોની લાપરવાહી તેમજ આચાર્ય સાથેની મીલીભગતના કારણે મધ્યાહ્ન ભોજનનું અનાજ ગેરરીતી સગા-સંબંધીઓને વેચી મારવામાં આવે છે. અને વધેલા અનાજનું ભોજન માત્ર નામ પુરતુ બાળકોમાં પીરસવામાં આવે છે. મધ્યાહ્ન ભોજનનું રાંધેલા કોરાક શાળાના આચાર્ય, શિક્ષકો અને સંચાલકોને જમાડવામાં આવે તો ખબર પડે ? કેટલીક શાળાઓમાં મધ્યાહ્ન ભોજન બનાવવાની જગ્યા ખુબ જ ગંદકીવાળી, અવાવરૂ તેમજ ખંડેર હોવાના કારણે બનતા ભોજનમાં જીવજંતુ પડે તો બાળકો માટે મોતનું ભોજન બની જાય તેવી ભિતિ સેવાઈ રહી છે. વધુમાં શાળામાં મેનુ લગાવાતુ નથી. તેમજ મેનું પ્રમાણે વાનગી બનાવામાં આવતી નથી. સંચાલકોના ઘરોની ચેકિંગ કરાવાય તો બાળકોના અનાજનો જથ્થો તેલ, કઠોળ, તેમના નિવાસસ્થાનેથી જથ્થાબંધ મળે તો નવાઈ નહી. શાળાઓના મધ્યાહ્ન ભોજનોની તાત્કાલિક તપાસ કરાવાય તેવી વાલીઓની માંગ છે.

શબ્દાવલી - ૫૧૨૩



આડી ચાવી

૧. સૂઝબૂઝ (૪)
૬. ઉષ્ણ, ઉનુ (૨)
૭. સાચેસાચ (૪)
૯. ગોયણા, ગુંડલા (લોટના) (૨)
૧૧. સાર,સત્ત્વ (૨)
૧૩. કાનમાં પહેરાતી રીંગ (૨)
૧૪. જરૂર (૨)
૧૬. બિહામણુ, મોટુ વિશાળ (૪)
૧૭. સોબત તેવી... (૩)
૧૮. લગ્ન પ્રસંગ (૨)
૧૯. વૃદ્ધિ થવી, ... થવો (૩)
૨૧. પેન, લેખિની (૩)
૨૨. આ કાંટાવાળા ઝાડની દાતણ થાય (૩)
૨૩. શોધ, તપાસ (૩)

ઊભી ચાવી

૧. આકાશ, નભ (૩)
૨. વાયર, વાળો (૨)
૩. કુલછોડ, વાવવાનું કુંડું (૩)
૪. ખજુર સુકવીને બને તે (૩)
૫. ક્ષાર, પાણીમાં થતી છારી (૨)
૮. ચુરમાના લાડુ પર... લગાવાય (૪)
૧૦. આકુળ-વ્યાકુળ (૬)
૧૨. સહન ન થાય તેવો, તેજ (૩)
૧૫. પાળી પોષીને મોટું કરવું ... કરવી (૫)
૧૬. મજબુર, લાચાર (૩)
૧૭. લાજ-મર્યાદા ઈજ્જત (૩)
૨૦. આજનું કામ... ઉપરનાં છોડવું જોઈએ (૨)

શબ્દાવલી ૫૧૨૨ના જવાબ

આડી ચાવી :- (૧) પનિહારી (૪) રમત (૭) મતમતાંતર (૮) તીર (૧૦) મહંત (૧૨) જણસ (૧૪) નભ (૧૫) નીગરાની (૧૮) કમનીય (૧૯) નજીકો (૨૧) તળેટી

ઊભી ચાવી :- (૧) પડતી (૨) હામ (૩) રીતભાત (૪) રતાંધળુ (૫) મત (૬) તરબતર (૯) રમણભમણ (૧૧) હંસ (૧૨) જનક (૧૩) માંગ (૧૫) નીયત (૧૬) રાવટી (૧૭) નીજી (૨૦) ફોલ

ગુજરાત આવશે..

● પહેલા પાનાનું ચાલુ

અમિતાભ બચ્ચને ગુજરાતમાં હજારો કિમીનો -વાસન બાય રોડ કર્યો છે અને તેઓ સરકીટ હાઉસમાં રોકાયા છે. ગુજરાતમાં ખુશ્બુ ગુજરાત કી... કેમ્પેઇન પછી બે વર્ષમાં ૫૪ લાખ -વાસીઓ વધ્યાં છે જે ૧૬ ટકાનો વધારો બતાવે છે. નેશનલ એવરેજ કરતાં બમણો વધારો છે. અંબાજીમાં ૫૧ શક્તિપીઠની કેપ્લિક્ષ બનાવવામાં આવી છે જેને અમિતાભ બચ્ચન સપ્ટેમ્બર મહિનામાં ખુલ્લી મૂકશે. ખુશ્બુ ગુજરાત કી...માટે અમિતાભ બચ્ચને એક રૂપિયો પણ લીધો નથી, રાજ્ય સરકારે તેમની એડ ફિલ્મો પાછળ અત્યાર સુધીમાં ૭૧.૬૨ કરોડનો ખર્ચ કર્યો છે.

ચૂકવવા આદેશ..

● છેલ્લા પાનાનું ચાલુ

ફરિયાદીને સોંપ્યો ન હતો. આ મામલે સામાવાળાએ પ્લોટવાળી જમીન અંગે દાવો થયો હોવાનું કહી પૈસા ભરપાઈ કરનાર મહિલાને રાહ જોવા જણાવ્યું હતું. આમ છતાં પ્લોટનો કબજો ન મળતા દિલીપભાઈએ લીનાબેનને રૂ. ૩૧ હજારનો ચેક આપ્યો હતો. જ્યારે આ ચેક બેંકમાં જમા કરાવતા પરત ફર્યો હતો. આ મામલે પ્લોટની રકમ વ્યાજ સાથે પણ મેળવવા ફરિયાદીએ દાદ માંગી હતી. આ કેસ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ચાલી જતા ફરિયાદી તરફના વકીલ તરીકે સ્નેહલ પ્રજાપતિએ દલીલો કરી હતી જે દલીલોને ધ્યાને લઈ ફોરમના પ્રમુખ એમ.એફ. પરીખે આ કેસના સામાવાળાને રૂ. ૩૧ હજાર ૧ ટકાના વ્યાજ સાથે ચુકવવા આદેશ કર્યો છે.

વિદ્યાર્થીનું અપહરણ.... ● છેલ્લા પાનાનું ચાલુ

પડ્યા હતા. સવારે સાડા દસ વાગ્યે ત્રણેય શખ્સો સેક્ટર-૧ પની સરકારી કોલેજના ગેટ પાસે જીપ લઈને ઉભા રહી ગયા હતા.

પુજા રિક્ષામાં કોલેજના ગેટ પાસે આવીને ઉતરી અને નિલેશ પુજાને જોઈ ગયો. જીપ પુજા પાસે લઈ જવાઈ અને પુજાના વાળ પકડીને દરવાજો ખોલી જીપમાં ખેંચી લઈને પુજાનું અપહરણ કરી ત્રણેય જણાએ જીપ મારી મુકી હતી. પુજાની સહેલી સોની રાવતે પોલીસ કંટ્રોલને તાત્કાલિક જાણ કરતાં ઈન્ચાર્જ એસ.પી. જે.એ. જાડેજાએ ગાંધીનગરમાં રેડ એલર્ટ જાહેર કરી દીધુ અને એલસીબી, એસઓજી સહીત જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જને સખત ચેકીંગ અને નાકાબંધીની સુચના આપી દીધી હતી.

અડાલજ પી.આઈ. જે.ડી. બ્રહ્મભટ્ટની સુચનાથી કોબા સર્કલ સહિતના તેમની હદ વિસ્તારના તમામ નાકા પર સઘન ચેકીંગ શરૂ કરી દેવાયું હતું અને પી.સી.આર. વાન ગોઠવી દેવાઈ હતી. દરમ્યાન વર્ણન વાળી મેક્સ જીપ નીકળતા કોબા સર્કલ પરથી પીએસઆઈ એચ.સી. રાઠવા તથા પો.કો. પ્રવિણસિંહ અને હોમગાર્ડ ચેતનકુમારે જીપ ઉભી રખાવી ચેકીંગ કર્યું હતું. પહેલા તો ત્રણ યુવાનો જ જીપમાં બેસેલા દેખાયા પરંતુ જીપમાં અંદર નજર નાખતા ગળુ દબોચીને મો પર હાથ દબાવી જીપની સીટ નીચે દબાવેલી હાલતમાં વિદ્યાર્થિની પુજા દેખાઈ ગઈ હતી. પોલીસની ટીમે તાત્કાલિક ત્રણેય જણાને ઉપાડી લીધા હતા અને અપહ્યુત યુવતીને મુક્ત કરી હતી. સેક્ટર-૭ પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને ત્રણેયની ધરપકડ કરી લીધી છે. અપહરણકાર મુખ્ય સૂત્રધાર નિલેશ પાસેથી બે ધારદાર ખંજર પણ મળી આવ્યા છે. પોલીસે જીપ અને ખંજરો જપ્ત કરી લીધા છે. એક તરફી પ્રેમમાં અંધ બનીને પરિણીત યુવાને અપહરણ કર્યુ હોવાનું બહાર આવ્યું છે.

સફાઈમાં ઉણું ઉતર્યું.... ● છેલ્લા પાનાનું ચાલુ

સફાઈ વેરો વસુલીએ છીએ પણ સફાઈ તો કરી શકતા નથી પ્રજાને આ વેરામાંથી મુક્તિ આપો. શહેરને વિકાસ માટે પૂર્વ અને પશ્ચિમ ભાગમાં વહેંચી ભાગલા પાડવાની નીતિનો પણ વિરોધ શ્રી રાયકાએ કરી જણાવ્યું હતું કે શહેર સમરસ છે અને સામાજિક ઐક્યતાને તોડી રાજકીય રોટલા ના શેકાય.

તેમણે ઈન્ફોસીટી વિસ્તારમાં વધતા જતા ગંદકીના સામ્રાજ્ય અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. શ્રી રાયકાએ અખબારી અહેવાલો ટાંકી જણાવ્યું હતું કે કોંગ્રેસ સત્તા પર હતી ત્યારે આવા અહેવાલો ચમકયા નથી ખુદ કમિશ્નર પણ સફાઈના મુદ્દે નારાજ છે ત્યારે સત્તાધીશોએ શરમાવુ જોઈએ.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આક્ષેપો તથ્ય વિનાના છે. રથયાત્રા માટે ખાસ ટીમો મુકાઈ જ હતી. રથયાત્રાના માર્ગની સફાઈ કરવામાં આવી હતી અધૂરી વાતો કરવાનો અર્થ નથી. મિલ્કતવેરો અને સફાઈ વેરો તમે જે સ્ટેન્ડીંગના સભ્ય હતા તેણે બહાલી આપી હતી. શ્રી રાણાએ જણાવ્યુ હતુ કે ડોર ટુ ડમ્પીંગનો પ્રોજેક્ટ તેના અમલીકરણ માટેના અંતિમ તબક્કામાં છે અને તે ખુબ જ ઝડપથી અમલી બનશે. આ માટે એજન્સીઓ આખરી થવામાં છે એટલે બહુ શંકાઓ કરવાની જરૂર નથી. મેયરે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે વહીવટીય સુલભતા માટે પૂર્વ અને પશ્ચિમ ભાગ કરાયા છે. ભારત દેશ એક છે પણ રાજ્યો અલગ છે જિલ્લા અલગ છે એટલે દેશ વિભાજીત થયો એમ ના કહેવાય. તેથી આવી વાતો અસ્થાને છે.

ભાજપના શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે વિકાસ એ ભાજપનો મંત્ર છે. સે. ૩માં આદિવાસી અને અન્ય વસ્તીના પ્રમાણને ધ્યાને રાખી ત્યાં મલ્ટીપરપઝ કોમ્યુનીટી હોલ બનાવવાની દરખાસ્ત કરાઈ છે. વિકાસની સાચી હકીકતોથી કોંગ્રેસ અજાણ છે અને એટલે ૨૦૧૪માં પણ પ્રજા તમને ફગાવીને જ ઝંપશે. શ્રી દવેના રાજકીય અવલોકન સામે કોંગી સભ્યો ચીમન વિંઝુડા, હર્ષજીત પંડ્યા, શ્રી પ્રવિણ પટેલ અને અન્ય વિરોધ કરવા ઉભા થયા હતા. તેમણે દવેએ શબ્દો પાછા ખેંચવા જોઈએ તેવી માંગ કરી હતી પરંતુ મેયરે સભાની કાર્યવાહી પૂર્ણ થયાની જાહેરાત કરી હતી.

હલ્લાબોલ.... ● પહેલા પાનાનું ચાલુ

એમ પણ જણાવ્યું હતું કે દસ-દસ વખત સ્થાન લેવાની સૂચના પછી પણ સભ્ય હઠાગ્રહ કરે તે યોગ્ય નથી.

કોંગી નેતાની સભા ત્યાગની ચીમકી અને એકાએક ઉભા થયેલા કોંગી સભ્યોએ પોસ્ટરો દર્શાવવાનું શરૂ કરતાં ભાજપના સભ્યો પણ ઉભા થઈ ગયા હતા અને વિકાસ કામો માટે રૂ. ૪૭ કરોડની ફાળવણી માટે શહેરી વિકાસ મંત્રીને અભિનંદન એવા પોસ્ટરો દર્શાવ્યા હતાં.

જો કે મામલો બરાબર બિચકતો દેખાતો હતો પરંતુ આખરે બધુ થાળે પડી ગયું હતું. રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે કોંગી સભ્યોએ આશિષ દવેને બોલવાની વચ્ચે છુટ હોય તે સામે નારાજગી વ્યકત કરી હતી તેમજ તેની સામે પગલાં લો તેવી માંગ કરી હતી.

કોંગી સભ્યો ચીમન વિઝુંડા, શૈલેન્દ્રસિંહ બિહોલા, હર્ષજીત પંડયા, પ્રવિણ પટેલ, અશ્વિન વ્યાસ, અશોક શ્રીમાળી, પી-કી પટેલ, ભાવના બા ચાવડા, ભાવના બા વાઘેલા સૌ સભ્યો ઉભા થઈ ગયા હતાં.

મેયરે તક ઝડપી લઈ એક પછી જ એક સભ્યો બોલે તેવો આદેશ કરી પુનઃ ગ્રહનો હોબાળો શાંત પાડયો હતો.

શ્રી જીતુ રાયકાને દૂર કરવાનો આદેશ અપાયો ત્યારે ગૃહમાં સાર્જન્ટ હતા જ નહિ જે પણ એકાએક ધ્યાને આવતાં મેયરને પુનઃ બાજી સંભાળવાની ફરજ પડી હતી.

વિકાસ કામો મંજૂર.... ● પહેલા પાનાનું ચાલુ

જણાવ્યું હતુ કે એ દવાખાનુ તો વર્ષોથી ચાલે છે તમે નથી કર્યુ. તેમણે ગ્રામ્ય વિસ્તારના કામો નહિ કરાતા હોવાની વાત દોહરાવી હતી.

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાએ જણાવ્યું હતું કે શૈલેન્દ્રસિંહ ત્યાં લેબોરેટરીની સુવિધા ઉભી કરાશે અને તે માટે ૩૦ લાખ રૂ.નો ખર્ચ કરાશે. ગ્રામ્ય વિસ્તારને અન્યાયનો કોઈ મુદ્દો રહેતો નથી.

આજની આ બેઠકમાં સભ્ય શ્રી જીતુ રાયકા, શ્રી હર્ષજીત પંડ્યા, શ્રી અશ્વિન વ્યાસે શાસક પક્ષને ભીંસમાં લેવાના પ્રયાસો કર્યા હતા પરંતુ તેમાં સફળ થયા ન હતા. એક તબક્કે ભાજપ કોંગ્રેસના સભ્યો સામસામે આવી ગયા હતા અને પોષ્ટરો એક બીજા સામે પ્રદર્શિત કર્યા હતા.

મહાનગરપાલિકાની બેઠકે આજે જે રૂ. ૩૩ કરોડના કામો મંજૂર કર્યા છે તેમાં સે. ૩માં કોમ્યુનીટી હોલ,ઈ.લાયબ્રેરી, શાકમાર્કેટના ઓટલા શેડ અને પાર્કિંગની સુવિધા સાથેના, ચાર અર્બન હેલ્થ સેન્ટરોના સુદૃઢીકરણ અંગેની જોગવાઈ સહિતના કામોનો સમાવેશ થાય છે.

આજની આ સભામાં મેયરશ્રીએ એજન્ડામાં રજુ થયેલા મુદ્દાઓને લગતી જ ચર્ચા કરવામાં આવે તેવો આગ્રહ કર્યો હતો.

આજની બેઠકમાં મદદનીશ મ્યુનિ. કમિશ્નરશ્રીનો પ્રોબેશન પિરિયડ વધુ એક માસ માટે લંબાવવાનો પણ નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે આ મુદ્દે કોઈ વિશેષ ચર્ચા કરાઈ ન હતી.

સ્વિકારવા પડશે.... ● પહેલા પાનાનું ચાલુ

આ રિવ્યુ પિટીશનમાં પણ સરકારની વિરૂદ્ધમાં ચૂકાદો આવતા રાજ્ય સરકારે આખરે ક્યુરેટીવ પિટીશનની સહાય લીધી હતી પરંતુ આજે સુનીમ કોર્ટમાં થયેલી સુનાવણી બાદ સરકારની ક્યુરેટીવ પિટીશન કાઢી નાંખવામાં આવી છે અને સુનીમે ફરી એક વખત જસ્ટીસ આર.એ.મહેતાનો રસ્તો ક્લિયર કર્યો છે. સુનીમના આ ચૂકાદાના કારણે રાજ્ય સરકારને ભારે પછડાટ મળી છે. હવે સરકાર પાસે જસ્ટીસ આર.એ.મહેતાને લોકાયુક્તની નિમણૂકને બહાલી આપતું નોટીફિકેશન બહાર પાડ્યા વિના છૂટકો રહ્યો નથી, કારણ કે હવે સરકાર માટે કાયદાકીય તમામ દરવાજા બંધ થઈ ગયા છે.

ગુજરાતમાં ૨૦૦૩થી લોકાયુક્ત નથી પરિણામે લોકાયુક્ત ભવન સુનું પડ્યું છે. કોઈ અરજી સ્વિકારાતી નથી. રાજ્યપાલે ૨૦૧૧માં નિયુક્તિ કરી હોવા છતાં લોકાયુક્તનો કેસ અત્યાર સુધી અદાલતોમાં અટવાયા કરતો હતો. હવે જુલાઈ-૨૦૧૩માં સ્થિતિ ક્લિયર થઈ રહી છે. રાજ્ય સરકારે સુનીમના નિર્ણયને આવકાર્યો છે પરંતુ ટીકા ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો છે.

પૂર્વ સીએલપી લીડર શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે ગુજરાતના મુખ્યમંત્રીએ રાજ્યપાલની માફી માગવી જોઈએ અને લોકાયુક્ત તરીકે જસ્ટીસ આર.એ.મહેતાને નિયુક્ત કરવાના રસ્તા ખોલી દેવા જોઈએ. જ્યારે કોંગ્રેસના -દેશ -મુખ અર્જુન મોઢવાડિયાએ કહ્યું હતું કે ભ્રષ્ટાચાર સામે સત્યનો વિજય થયો છે. લોકાયુક્તની નિમણૂક થતાં સરકારના ભ્રષ્ટાચાર એક પછી એક બહાર આવશે.

વિવિધ પ્રવૃત્તિઓનું....

● છેલ્લા પાનાનું ચાલુ

એન્ડ ક્રાફ્ટ, વેસ્ટમાંથી બેસ્ટ, નૃત્ય, ચિત્રકામ, સંસ્કૃત સંભાષણ, બાળગીત, અભિનયગીત તથા દેશભક્તિગીત જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકોને અને માતાપિતાઓને જોડવાનો સ્તુત્ય નિર્ણય યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદભાઈ શાહે કર્યો છે.

ગાંધીનગરના નગરજનો યુનિવર્સિટીની લાઈબ્રેરીનો પણ ઉપયોગ કરી શકશે. મહત્વની વાત એ છે કે આ પ્રવૃત્તિઓ માટે કોઈપણ જાતની ફી રાખવામાં આવી નથી.

આ પ્રવૃત્તિઓ સોમવારથી શુક્રવાર દરમિયાન રોજ બપોરે ૩ થી ૫ કરાવવામાં આવશે. આ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા ઈચ્છતા સૌ કોઈએ તા. ૧૦ ઓગષ્ટ સુધીમાં પોતાનાં નામ નોંધાવી દેવાનાં રહેશે. આ પ્રકલ્પના સંયોજક શ્રીમતી નીતાબેન બ્રહ્મભટ્ટનો (મો. નંબર ૯૦૯૯૯૫૪૨૪૯)નો સંપર્ક કરવાથી તથા યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in જોવાથી આ પ્રવૃત્તિઓ અંગે વિગતવાર માહિતી મેળવી શકાશે.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
મધુર ડેરી, સેક્ટર-૨૫, ક-રોડ, ગાંધીનગર

મધુર ડેરી, ગાંધીનગરની સંઘ સંયોજિત દૂધ મંડળીઓના મકાનોને કલર કામ કરવાનું હોવાથી આ કામના અનુભવી તેમજ રસ ધરાવતી પાર્